# સુરતના ચોથા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં.

<u>ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૭૫/૨૦૨૬.</u>
આંક–......

અરજદાર/આરોપીઃ પ્રતિક સતીષ શુકલા
ઉં.આ. ૨૨ વર્ષ, ધંધોઃ નોકરી,
રહેવાસી–૧૧૫, બાલાજી કોમ્પલેક્ષ, ભેસ્તાન, ઉધના, સુરત.
હાલ –મધ્યસ્થ જિલ્લા જેલ, લાજપોર, સુરત.

**– વિરુદ્ધ –**

સામાવાળાઃ શ્રી સરકાર.

***<u>બાબતઃ</u> બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી.***

હાજર રહ્યા–
અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી બી.જે.હીરપરા.
સામાવાળા તરફે વિ.એ.પી.પી. એસ.કે.ગોહીલ.

## – JUDGMENT –

૧. હાલના કામની અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, અરજદાર/આરોપીને સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજી. નં.૧૧૨૧૦૦૬૨૨૫૦૦૮૪/૨૦૨૫ થી બી.એન.એસ. ની કલમ–૩૦૮(૭), ૨૦૪, ૬૧(૨), ૩(૫) તથા આઇ.ટી.એકટની કલમ–૬૬(સી), ૬૬(ડી) મુજબના ગુનાના કામે તા.૧૬–૦૨–૨૦૨૬ ના રોજ અટક કરી વિ. કોર્ટમાં રજુ કરેલ અને દિન–૨ ના રીમાન્ડ મંજુર કર્યા બાદથી તેઓ જયુડી.કસ્ટડીમાં છે. જે કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

૨. આ કામે સામાવાળાને નોટિસ કરતા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલ છે અને સદર કામના તપાસ કરનાર અમલદારે આંક–૪ થી સોગંદનામું રજુ કરેલ છે.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ રજૂઆત કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ કોઇ ગુનો કરેલ નથી અને તેમની ખોટી રીતે ફસાવવામાં આવેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, તેઓએ વિ.ટ્રા.કોર્ટમાં જામીન અરજી કરેલ જે નામંજુર કરવામાં આવેલ ત્યારબાદની તેઓને આ પ્રથમ જામીન અરજી છે. ફરીયાદ વંચાણે લેતાં તેમાં અરજદાર/આરોપીનું નામ નથી. ફરીયાદ એક વર્ષના વિલંબથી દાખલ કરેલ છે અને તે અંગેનો કોઇ જ ખુલાસો કરવામાં આવેલ નથી.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ૨૨ વર્ષના યુવાન વયના ઈસમ છે અને નોકરી કરી તેમના માતાપિતાનું ભરણપોષણ કરે છે અને સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે અને કોઇ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી જેથી નાસી ભાગી જવાનો કોઇ પ્રશ્ન નથી.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી સામે જે બી.એન.એસ.ની કલમ-૨૦૪ તથા આઇ.ટી.એકટની કલમ-૬૬(સી), ૬૬(ડી) નો આક્ષેપ છે તે જામીન પાત્ર છે. તેમજ નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે તમામનું તેઓ પાલન કરવા તૈયાર અને રાજીખુશી છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, સદર ગુનાના સહઆરોપીને વિ.ટ્રા.કોર્ટે જામીન મુકત કરેલ હોય જેથી તેઓને તેનો લાભ મળવો જોઇએ તેમ જણાવી નામદાર સુપ્રિમકોર્ટ, ૨૦૧૨ ક્રિ.લો.જનરલ પાના નં.૭૦૨, સંજય ચંદ્રા વિ. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન તથા ભગીરથસિંહ જાડેજા વિ. સ્ટેટ ઓફ ગુજરાતમાં નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઇ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

૪. સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ અરજદાર/આરોપીની જામીન અરજીનો વિરોધ કરતાં જણાવેલ છે કે, હાલના આરોપી સામે ગુનાની તપાસ ચાલુ છે. તેમજ હાલના આરોપી લાંબા સમયથી મળી આવેલ નથી અને નાસતા ફરતા આવેલ અને હાલમાં તેઓ મળી આવતા ગુનાના કામે અટક કરવામાં આવેલ છે અને તેઓ મુળ મધ્યપ્રદેશના વતની હોય જો તેઓને જામીન આપવામાં આવે તો

તેઓ નાશી ભાગી જાય તેમ છે. પોલીસ પેપર્સ વંચાણે લેતાં અરજદાર/આરોપીએ ગુનામાં ભુમીકા ભજવેલ હોવાનું જણાય આવે છે. આરોપીને જામીન મળ્યેથી તપાસમાં વિક્ષેપ કરે કરાવે તેવી તેમજ પુરાવા સાથે ચેડા કરવાની તથા સાહેદોને ધાક ધમકી આપે તેવી શકયતાઓ રહેલી છે જેથી હાલના કામના અરજદાર/ આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૫. અરજદાર/આરોપીની અરજી, બન્ને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની રજૂઆતો તથા રજુ દસ્તાવેજો તથા તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ આંક–૪ વાળું સોગંદનામું ધ્યાને લીધુ.

હાલના અરજદાર/આરોપી સામે નોંધાયેલ ગુનાની વિગતો જોતાં માતબર રકમ રૂ.૨,૭૪,૭૬,૦૬૪/– ના નાણાં સાયબર ક્રાઇમ મારફત ટ્રાન્સફર કરાવેલા છે. તેમજ તપાસકર્તા અમલદારે ગુનાની પ્રાથમિક વિગતો સોગંદનામાના પેરા–૧૧ માં જણાવતા હાલના આરોપીની ભુમીકા પણ જણાવેલ છે અને તેમાં સંડોવાયેલા આરોપીઓએ ફરીયાદીને ડીજીટલ એરેસ્ટ કરી માતબર રકમ મેળવેલી છે. તેમજ હાલના આ ગુનાના કામે સંડોવાયેલા આરોપી સામે અન્ય પાંચ ફરીયાદો નોંધાયેલ હોવાનું પણ જણાવેલ છે. તેમજ ફરીયાદપક્ષે રજુઆત કરેલ છે કે, હાલના સમયમાં આ પ્રકારના ખોટા કેસમાં ફસાવી સોશીયલ મીડીયા મારફતે ડીજીટલ એરેસ્ટ કરી, માનસીક ટોર્ચર કરી રૂપિયા પડાવી લેવાના બનાવ બની રહેલ છે અને આત્મહત્યા સુધીના દુષપ્રેરણના બનાવો બની રહેલ છે જેથી શરૂઆતના પગથીયા થી અંત સુધી ઉંડાણપુર્વક તપાસની કાર્યવાહી ચાલુ છે તેમજ હાલના અરજદાર/આરોપી સાથેનો અન્ય આરોપી નાસતો ફરતો છે તેમજ ફરીયાદી તથા તેમના મામાના દિકરાને ડીજીટલ એરેસ્ટ કરવામાં આવેલ છે અને ઓર્ગેનાઇઝ ક્રાઇમ રેકેટ જણાવેલ છે અને આ ગુનાની તપાસ પ્રાથમિક તબકકામાં છે જેથી અરજદાર/આરોપી ફરીયાદી તથા સાહેદોને ધમકાવે તથા પુરાવાનો નાશ કરે તેવી શકયતાઓ રહેલી છે.

વધુમાં, અરજદાર/આરોપીએ તેમની જામીન અરજીના મથાળે પોતાનું સરનામું રહે : ૧૧૫, બાલાજી કોમ્પલેક્ષ, ભેસ્તાન, ઉધના, સુરત બતાવેલ છે જે સરનામું જોતા કોમ્પલેક્ષનું સરનામું છે. તેમજ જયારે ત.ક.અ.એ હાલના

અરજદાર/આરોપીનું સરનામું : ઘર નં.૮૧, સાંઇ મોહન–૪, વડોદ પોલીસ ચોકીની બાજુમાં, ભેસ્તાન, સુરત. મુળ ગામ : ચુરીચારી, થાના : ગોરીહાર, તા.છત્તરપુર, મધ્યપ્રદેશનું જણાવેલ છે તે જોતાં અરજદાર/આરોપીએ પોતાનું સ્પષ્ટ સરનામું તેમની અરજીમાં છુપાવેલાનું જણાય આવે છે.

વધુમાં આ કામે વિ.ટ્રા.કોર્ટે અન્ય આરોપીને તા.૨૭/૨/૨૦૨૬ ના રોજ જામીન મુકત કરેલા છે તેની પેરીટીનો લાભ મેળવવા માટે હાલના અરજદાર/ આરોપીએ જણાવેલ છે તે જોતાં સદર આરોપીની ચાર્જશીટ નિયત સમયમાં રજુ નહિં થતા સદર આરોપીને ડીફોલ્ટ બેઇલ આપવામાં આવેલ છે. જયારે હાલના આરોપીની અટક તા.૧૭/૨/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ છે. જેથી હાલના અરજદાર/આરોપીને લો ઓફ પેરીટીનો સિધ્ધાંત લાગુ કરી શકાય નહિં કે તેનો લાભ મળી શકે નહિં.

વધુમાં, અરજદાર/આરોપી પુરાવા સાથે ચેડા કરે તેમજ અરજદાર/ આરોપી અન્ય રાજયના હોય નાસીભાગી જાય તેવી શકયતા નકારી શકાય તેમ નથી તેવી વિ.એપીપીશ્રીની દલીલો ગ્રાહય રાખવા યોગ્ય જણાય છે. વધુમાં, પોલીસ પેપર્સ અને તપાસ કર્તા અમલદારના સોગંદનામાની વિગતોને ધ્યાને લેતા ગુનાની તપાસ ચાલુ હોવાનું જણાવેલ છે. વધુમા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવેથી ફરીયાદપક્ષના પુરાવાઓ સાથે ચેડા થવાની શકયતાઓ હોય તથા ગુનાની ગંભીરતા અને સજાકીય જોગવાઇઓ અને પુરાવાનો નાશ કરે તેવી શકયતા જોતા ફરીયાદપક્ષની રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર જણાય આવે છે.

આથી, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતાં અરજદારને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ જામીન ઉપર હાલના તબકકે મુકત કરવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય આવતું ન હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

આથી, આ ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૭૫/૨૦૨૬ **નામંજૂર** કરવામાં આવે છે.

ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલી આપવા.

હુકમ આજ તારીખઃ ૧૦ **મી**, માહે–**માર્ચ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Place: Surat.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge, Surat.
(UID No.GJ00672)